Extra No. 243

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, JUNE 30, 2025 / ASADHA 9, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું: પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાનો પત્ર ક્રમાંક: L.I.B/૩૭(૧)-૩૭(૩) જાહેરનામું/૧૦૦૦/૨૦૨૫, તા. ૧૬/૦૬/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ ૩૭ (૩) મુજબ

નં.ડી.સી/એમ.એ.જી./જાહેરનામું /૩૭(૩)/વશી/૫૨૩/૨૦૨૫.-અરવલ્લી જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી વિના જાહેર સ્થળોએ ધરણાં, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમમાં પાંચ અથવા વધુ વ્યક્તિઓ એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારુ જાહેર સ્થળે પાંચ અથવા વધુ વ્યક્તિઓ એકઠા ન થાય તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા આમુખ પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી, મોડાસાએ અત્રે દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વાજબી જણાય છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી, જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અરવલ્લી જિલ્લો, મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ ૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના સમગ્ર શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તા.૦૨/૦૭/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા. ૧૬/૦૭/૨૦૨૫ના કલાક ૨૪.૦૦ (બંને દિવસો સહિત) સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી વિના જાહેર સ્થળોએ અનધિકૃત રીતે / ગેરકાયદેસર રીતે પાંચ અથવા વધુ વ્યક્તિઓ એકત્રિત થવા પર તથા કોઈ સભા ભરવા કે બોલાવવા અને કોઈપણ જાતના સભા - સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં, આદેશ કરું છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં / ફરજ ઉપર હાજર હોય તેવી વ્યક્તિઓને;

(૨) કોઈ લગ્નના વરઘોડાને;

(૩) કોઈ સ્મશાન યાત્રાને.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૫ (૩) હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા તેવા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૫મી જુન, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

વંચાણે લીધું: પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાનો પત્ર ક્રમાંક: L.I.B/૩૭(૧)-૩૭(૩) જાહેરનામું/૧૦૦૦/૨૦૨૫, તા. ૨૫/૦૬/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ ૩૭ (૧) મુજબ

નં. ડીસી/એમ.એ.જી./જાહેરનામું/૩૭(૧)/વશી/૫૨૨/૨૦૨૫.- અરવલ્લી જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ સાવચેતીનાં પગલાંરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ - ૩૭ (૧) મુજબનું હથિયારબંધી અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાએ આમુખના પત્રથી દરખાસ્ત કરી છે. જે વાજબી જણાય છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અરવલ્લી જિલ્લો, મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આથી અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૨/૦૭/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા. ૧૬/૦૭/૨૦૨૫ના કલાક ૨૪.૦૦ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહે તે રીતે સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(એ) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા શારીરિક હિસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(બી) કોઈ પણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(સી) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ડી) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ઈ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવાની,

(એફ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

(જી) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઊથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

અપવાદ: આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.

૧. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી; અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી; સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીશ્રીઓ, શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી રાખતા વૃધ્ધ વ્યક્તિ તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનારને;

૨. સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું આવશ્યક હોય;

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યક્તિઓને;

૪. ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતોને;

૫. સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં અધિકૃત વ્યક્તિઓને;

૬. કોઈ પણ અંતિમયાત્રાને,

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૫ (૧) હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૫મી જુન, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.10 19:13:19 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara